જય શાહ ICC ચેરમેન પદે બીજી વખત બિનહરીફ

ક્રિકેટના વૈશ્વિક વિસ્તાર અને ઓલિમ્પિક્સમાં ક્રિકેટની વાપસી વચ્ચે આઇસીસી બોર્ડનો મહત્વનો નિર્ણય

2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ પહેલા રમતમાં સાતત્ય જાળવી રાખવા બોર્ડે બે વર્ષની મુદત લંબાવી



બાલી, તા. 16 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ સોમવારે જાહેરાત કરી હતી કે ચેરમેન પદે જય શાહની બીજી વાર બે વર્ષની મુદત માટે બિનહરીફ પુનઃનિયુક્તિ કરવામાં આવી છે. રવિવારે અહીં પૂર્ણ થયેલી આઈસીસી બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

38 વર્ષીય શાહ આ પદ સંભાળનાર સૌથી યુવા વ્યક્તિ છે. અગાઉ બીસીસીઆઈના સચિવ રહી ચૂકેલા શાહે ડિસેમ્બર 2024માં ન્યૂઝીલેન્ડના ગ્રેગ બાર્કલેના સ્થાને પ્રથમ વખત આ પદ સંભાળ્યું હતું. આ ઉપરાંત તેઓ 2021થી 2024 સુધી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પ્રમુખ પણ રહ્યા હતા. આઈસીસીએ જણાવ્યું હતું કે ક્રિકેટના વૈશ્વિક વિસ્તાર, ચાહકોની સંખ્યામાં વધારો અને વ્યાવસાયિક વિકાસની વ્યૂહરચના વચ્ચે રમતના નિર્ણાયક તબક્કે સાતત્ય જાળવવા બોર્ડે તેમના નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો છે. 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટના પુનરાગમનની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે શાહે આ તકને નવા દર્શકો અને પેઢીને પ્રેરણા આપવા માટે અસાધારણ ગણાવતા આઈસીસીની એક રિલિઝમાં કહ્યું હતું કે આઈસીસી પ્રમુખ તરીકે સેવા આપવી એ એક સન્માન અને મોટી જવાબદારી બંને છે. હું વિશ્વભરમાં ક્રિકેટના હિતોને આગળ વધારવા માટે સભ્ય દેશો સાથે નજીકથી કામ કરવા માટે પ્રતિબદ્ધ છું.

સચિન તેંદુલકર અને અભિનવ બિન્દ્રાએ શાહને અભિનંદન પાઠવ્યા

આઇસીસીના ચેરમેન તરીકે જય શાહની બીજી ટર્મ માટે ફરી નિમણૂક થવા બદલ ભારતીય રમતજગતના દિગ્ગજોએ તેમને અભિનંદન પાઠવ્યા છે. મહાન બેટ્સમેન સચિન તેંદુલકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને શાહની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ક્રિકેટનો વિકાસ નવી તકો ઊભી કરવા, રમતનું માળખું મજબૂત કરવા અને તેને નવા પ્રેક્ષકો સુધી લઈ જવા પર નિર્ભર છે. જય શાહે મહિલા ક્રિકેટ પર વિશેષ ધ્યાન આપીને આ પ્રાથમિકતાઓ માટે સખત મહેનત કરી છે. બીજી તરફ, ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલિસ્ટ ભારતીય શૂટર અભિનવ બિન્દ્રાએ જણાવ્યું હતું કે શાહના આ કાર્યકાળ દરમિયાન લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટનું પુનરાગમન એક ઐતિહાસિક ઘટના બની રહેશે.

ક્રિકેટ જગતના અગ્રણીઓની પ્રતિક્રિયા

ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ રિચાર્ડ થોમ્પસને જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં રમતની પરંપરા અને નવીનતા વચ્ચે સંતુલન જાળવવું નિણાયક રહેશે. આઇસીસીના ડેપ્યુટી ચેર અને ઝિમ્બાબ્વે ક્રિકેટના અધ્યક્ષ તાવેંગ્વા મુકુહલાનીએ તમામ સભ્યોને સાથે લઈને ચાલવાની શાહની નેતૃત્વ ક્ષમતાને બિરદાવી હતી. ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ડિરેક્ટર રોજર ટ્વોસ અને આઇસીસી એસોસિયેટ મેમ્બર ચેર ગુરુમૂર્તિ પલાનીએ પણ શાહની નિમણૂકને આવકારી હતી.

ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી બેલ્જિયમના દિગ્ગજ રોમેલુ લુકાકુએ નિવૃત્તિ લીધી

ચાર વર્લ્ડકપ રમનારો રોમેલુ લુકાકુ કુલ 94 ગોલ સાથે ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓમાં પાંચમા ક્રમે



બ્રસેલ્સ, તા. 16 (એપી) : બેલ્જિયમ માટે ઇન્ટરનેશનલ ફૂટબોલમાં રેકોર્ડ 94 ગોલ કરનાર દિગ્ગજ ફૂટબોલર રોમેલુ લુકાકુએ સોમવારે આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. 33 વર્ષીય લુકાકુ પુરુષોના ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં પાંચમા ક્રમે છે. લુકાકુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાના નિર્ણયની જાહેરાત કરતાં લખ્યું કે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાના મારા નિર્ણયથી હું સંપૂર્ણપણે સંતુષ્ટ છું. આ એક અદ્ભુત સફર રહી છે. મેં તેનો ખૂબ આનંદ માણ્યો છે અને તેના માટે આભારી છું. તેણે 16 વર્ષની ઇન્ટરનેશનલ કેરિયરમાં બેલ્જિયમ માટે 135 મેચ રમી, ચાર ફિફા વર્લ્ડકપ અને ત્રણ યુરોપિયન ચેમ્પિયનશિપમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

લુકાકુ ક્લબ ફૂટબોલ રમવાનું ચાલુ રાખશે. તે હાલમાં ટર્કિશ ક્લબ ફેનરબાહસે સાથે છે, ગયા ઉનાળામાં ઇટાલિયન ક્લબ નેપોલીથી તેમની સાથે જોડાયો હતો.

પુરુષોના ઇન્ટરનેશનલ ફૂટબોલમાં, ફક્ત પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો 146 ગોલ સાથે ટોચ પર છે. આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી 126 ગોલ સાથે બીજા, ઈરાનનો અલી દાઈ 108 ગોલ સાથે ત્રીજા અને ભારતનો સુનિલ છેત્રી 95 ગોલ સાથે ચોથા ક્રમે છે. લુકાકુ 94 ગોલ સાથે પાંચમા ક્રમે છે.

સ્વિતોલીનાને હરાવીને મીરા એન્દ્રીવાએ WTA ફાઈનલ્સ ટાઇટલ જીત્યું

એક પણ સેટ ગુમાવ્યા વગર WTA ફાઇનલ્સ જીતનારી મીરા એન્ડ્રીવા 11મી ખેલાડી બની

3.37 મિલિયન ડોલરની ઇનામી રકમ સાથે ખાસ ડિઝાઇન કરાયેલી મર્સિડિઝ બેન્ઝ પણ મળી



ઈન્ડિયન વેલ્સ, તા 16 (એપી) : આ વર્ષમાં પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનારી મીરા એન્ડ્રીવાએ એક પણ સેટ ગુમાવ્યા વિના એલિના સ્વિતોલીનાને હરાવીને ડબલ્યુટીએ ફાઇનલ્સ ટેનિસ ટુર્નામેન્ટ જીતીને વર્ષનો અંત શાનદાર રીતે કરી વિશ્વ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગઈ હતી. 19 વર્ષીય રશિયન મીરાએ રવિવારે યુક્રેનિયન સ્વિતોલીનાને 7-5, 6-3થી હરાવી, સિઝનની અંતિમ ટુર્નામેન્ટમાં તેની પાંચેય મેચ જીતી હતી. આ પ્રદર્શન સાથે, તેણે કઝાકિસ્તાનની એલેના રિબાકીનાને પાછળ છોડીને કેરિયરની સર્વોચ્ચ વિશ્વ રેન્કિંગ પ્રાપ્ત કરી હતી. ટાઇટલ જીતવા બદલ, મીરાને 3.37 મિલિયન ડોલરની ઇનામી રકમ અને ખાસ ડિઝાઇન કરેલી અલ્ટ્રાવાયોલેટ પર્પલ મર્સિડીઝ-બેન્ઝ કન્વર્ટિબલ મળી. કારને ઇન્ડિયન વેલ્સ ટેનિસ ગાર્ડન કોર્ટ પર લાવવામાં આવી ત્યારે મીરા ખુશીથી ડ્રાઇવિંગ સીટ પર કૂદી પડી હતી. મીરા એક પણ સેટ ગુમાવ્યા વિના WTA ફાઇનલ્સ જીતનારી 11મી ખેલાડી બની. તેની પહેલા ક્રિસ એવર્ટ, માર્ટિના નવરાતિલોવા અને સેરેના વિલિયમ્સ સહિત અનેક દિગ્ગજ ખેલાડીઓએ આ સિદ્ધિ મેળવી છે.

SAFF ચેમ્પિયનશિપમાં આજે પાકિસ્તાન સામે ભારતની ફાઇનલ

સતત ત્રીજીવાર ટાઇટલ જીતવા સાથે કુલ 10મું ટાઇટલ કબજે કરવા પર ભારતની નજર

ગ્રુપ સ્ટેજમાં ભારત સામે 2-3થી હારનાર પાકિસ્તાન પહેલીવાર આ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું છે



ઢાકા, તા. 16 (પીટીઆઈ) : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આવતીકાલે મંગળવારે અહીં રમાનારી ફાઇનલમાં પાકિસ્તાનના પડકારનો સામનો કરીને સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન (સાફ) ચેમ્પિયનશિપમાં કુલ 10મી વખત અને સતત ત્રીજી વખત ચેમ્પિયન બનવા માટે મેદાને ઉતરશે. શરૂઆતની ગ્રુપ સ્ટેજ મેચમાં ભારત સામેની હાર બાદ પાકિસ્તાન શાનદાર ફોર્મમાં છે અને પહેલી વાર ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું છે.

ભારતે ગ્રુપ સ્ટેજની મુશ્કેલ મેચમાં પાકિસ્તાનને 3-2થી હરાવ્યું હતું. આ સ્પર્ધામાં સૌથી વધુ નવ ટાઇટલ જીતવાનો રેકોર્ડ ભારતીય ફૂટબોલ ટીમના નામે છે. ભારતે 1993, 1997, 1999, 2005, 2009, 2011, 2015, 2021 અને 2023માં ટાઇટલ જીત્યું હતું. આ વખતે બીજા ક્રમની ટીમને મેદાનમાં ઉતારવા છતાં, ભારતીય ટીમ ફરી એકવાર ટ્રોફી માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

પાકિસ્તાન આ પહેલા ચાર વખત સેમી ફાઇનલમાં પહોંચી ચૂક્યું છે. તેમણે શનિવારે યજમાન બાંગ્લાદેશને 1-0થી હરાવીને પ્રથમ વખત ફાઇનલમાં પ્રવેશ કરીને ઇતિહાસ રચ્યો હતો. ભારત અત્યાર સુધી ફક્ત એક જ વાર (2003) ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ ગયું હતું.

ટુર્નામેન્ટના મુખ્ય કોચ, નૌશાદ મૂસાએ ફાઇનલનો શ્રેય ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના સામૂહિક પ્રયાસોને આપ્યો. ભારતની મેચ પછી પાકિસ્તાનની ટીમ મજબૂત બની છે, જેમાં ઘણા વિદેશી ખેલાડીઓ ટીમમાં જોડાયા છે. તેથી, ટાઇટલ મેચ ભારત માટે ગ્રુપ સ્ટેજ મેચ કરતાં પણ વધુ પડકારજનક હોઈ શકે છે.

રિંકુ સિંહે પરિવાર સાથે પીએમ મોદીને પોતાના લગ્નનું નિમંત્રણ આપ્યું



ભારતીય ક્રિકેટર રિંકુ સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ચોથી ડિસેમ્બરે લખનૌમાં યોજાનાર પોતાના લગ્નનું આમંત્રણ પોતાના પરિવારના સભ્યો સાથે આપ્યું હતું. રિંકુએ તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર વડા પ્રધાન મોદી સાથેનો ફોટો શેર કર્યો અને તેમને મળવાને તેના માટે સન્માન ગણાવતા લખ્યું હતું કે મારા પરિવાર સાથે માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળીને તેમને મારા લગ્નમાં આમંત્રણ આપવું અને તેમના આશીર્વાદ મેળવવા મારા માટે સન્માનની વાત હતી. આ અમારા બધા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. રિંકુ સમાજવાદી પાર્ટીના લોકસભા સાંસદ પ્રિયા સરોજ સાથે લગ્ન થવાના છે. રિન્કુની સાથે તેની માતા બીના દેવી, ભાઈ સોનુ સિંહ અને બહેન નેહા સિંહ હાજર રહ્યા હતા.



યુવા બેટ્સમેન આર્યવીર સેહવાગ તેના પિતા, માજી દિગ્ગજ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ અને ભાઈ વેદાંત સાથે મધ્યપ્રદેશના બાગેશ્વર ધામ પહોંચીને આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને મળ્યો હતો. બાગેશ્વર ધામ સરકારના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ મુલાકાતની તસવીરો શેર કરવામાં આવી હતી.

ટોટલ ચેસ : વૈશાલીએ એરિગેસીને હરાવ્યો, પણ નોકઆઉટમાં ન પહોંચી

બુડાપેસ્ટ, તા. 16 (પીટીઆઈ) : ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગેસી ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટૂર પાયલટ ટુર્નામેન્ટના ફાસ્ટ ક્લાસિક ગ્રુપ સ્ટેજની અંતિમ મેચમાં ભારતની જ આર વૈશાલી સામે હારવાના કારણે નોકઆઉટ સ્ટેજમાં સ્થાન મેળવવાથી ચૂક્યો હતો. એરિગેસીએ દિવસની શરૂઆત ગ્રુપ ડીમાં મેક્સિમ વાચિયર-લેગ્રેવ અને હેન્સ નીમેન સાથે પ્રથમ સ્થાન માટે કરી હતી. સફેદ મહોરાઓ સાથે રમતા, તેણે દિવસની પ્રથમ રમતમાં વૈશાલીને હરાવી ચેમ્પિયનશિપના નોકઆઉટ તબક્કામાં આગળ વધવાની તેની તકો મજબૂત બનાવી. આ વિજયથી તેને બે પોઈન્ટની સરસાઈ મળી. જોકે, બીજી મેચમાં વૈશાલીએ એરિગેસીને હરાવતા એરિગેસ ગ્રુપ ડીમાં ત્રીજા સ્થાને રહ્યો જ્યારે વાચિયર-લાગ્રેવે ટાઇટલ નોકઆઉટ તબક્કા માટે ક્વોલિફાય કર્યું. વૈશાલી ગ્રુપ ડીમાં બે જીત, એક ડ્રો અને સાત હાર સાથે છેલ્લા સ્થાને રહી. પ્રજ્ઞાનંદા ગ્રુપ બીમાં છેલ્લા સ્થાને રહ્યો હતો.

ઇંગ્લેન્ડે સ્પેનને હરાવીને 43 મેચથી ચાલતી અજેય યાત્રા અટકાવી

10 ખેલાડીઓ સાથે રમવા છતાં ઇંગ્લેન્ડે સ્પેનને 3-2થી હરાવ્યુ, હેરી કેને ઇંગ્લેન્ડ વતી 93મો ગોલ કર્યો

ફ્રાન્સે તુર્કીને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જ્યારે બેલ્જિયમે ઇટાલીને હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો



લંડન, તા. 16 (એપી) : નેશન્સ લીગ ફૂટબોલ મેચમાં ઇંગ્લેન્ડે રવિવારે વિશ્વ ચેમ્પિયન સ્પેનને 3-2થી હરાવીને સતત 43 મેચથી ચાલતી તેની વિજય યાત્રાનો અંત કર્યો હતો. આ મેચમાં હેરી કેને ગોલ કરીને ઇંગ્લેન્ડ વતી પોતાના ગોલનો આંકડો વિક્રમી 93 પર પહોંચાડ્યો હતો. વળી ઇંગ્લેન્ડ 10 ખેલાડીઓ સાથે રમી રહ્યું હોવા છતાં જીત્યું હતું.

ઇંગ્લેન્ડની ટીમ ગ્રુપ એ-3માં ટોચ પર છે અને બંને ટીમો આ મેચ પહેલા જ ક્વાર્ટર ફાઇનલ માટે ક્વોલિફાય થઈ ગઈ હતી. ડિફેન્ડર એઝરી કોન્સાએ 53મી મિનિટે હેડરથી ઇંગ્લેન્ડ માટે 2-0નો સ્કોર બનાવ્યો, જ્યારે જુડ બેલિંગહામે થોડી વાર પછી ડિફેન્ડર બેન વ્હાઇટ માટે ગોલ કર્યો, જેણે 3-0નો સ્કોર બનાવ્યો હતો.

મિડફિલ્ડર એલિયટ એન્ડરસનને લેમિન યામાલ પર ફાઉલ કરવા બદલ રેડ કાર્ડ બતાવ્યા બાદ ઇંગ્લેન્ડની ટીમ 10 ખેલાડીઓમાં સમેટાઈ ગઈ. ત્યારબાદ મિકેલ ઓયારઝાબાલે પેનલ્ટી પર ગોલ કરીને સ્પેન માટે શરૂઆત કરી. ફોરવર્ડ નિકો વિલિયમ્સે યમાલના પાસથી બીજો ગોલ કરીને મેચને રોમાંચક બનાવી દીધી હતી પરંતુ તે સ્પેનને હારથી બચાવી શક્યો ન હતો.

ગ્રુપ A1 માં, ફ્રાન્સે ઘરઆંગણે તુર્કીને 2-1 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જ્યારે બેલ્જિયમે ઇટાલીને 4-1 થી હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. લીગ સીમાં ઘરઆંગણે બેલારુસને 2-0થી હરાવીને અલ્બેનિયાએ તેમના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવીને લીગ બીમાં સ્થાન મેળવ્યું.

સાયપ્રસ સામે મોન્ટેનેગ્રોની 4-1થી જીતને પગલે સાયપ્રસને હવે પ્લેઓફમાં રમવું પડશે. ફિનલેન્ડે સાન મેરિનોને 7-2થી હરાવ્યું, જેમાં એડ્રિયન સ્વાનબેકે હેટ્રિક ફટકારી.

ત્રણ ખેલાડીઓ સાથે થયેલા અન્યાય સામે મેં અવાજ ઉઠાવ્યો : ઉસ્માન ખ્વાજા

મને પૈસાની જરૂર નથી, મેં કોઇ નાણાકીય લાભ મેળવવાના હેતુથી આ ખુલાસાઓ નથી કર્યા : ખ્વાજા

સિડની, તા. 16 (એપી) : ઓસ્ટ્રેલિયાના માજી બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ 2018ના સેન્ડપેપરગેટ વિવાદ અંગેના પોતાના ખુલાસાઓ સ્પષ્ટ કર્યા પછી હવે કહ્યું છે કે તેનો હેતુ તેનાથી નાણાકીય લાભ મેળવવાનો નહોતો અને તે ફક્ત ઇચ્છતા હતો કે જેના કારણે ડેવિડ વોર્નર, સ્ટીવ સ્મિથ અને કેમેરોન બેનક્રોફ્ટને અત્યંત કઠોર સજા થઈ તે ઘટનાની જવાબદારી આખી ટીમ લે.

2018 સેન્ડપેપર ગેટ અંગે ખ્વાજાએ તેમના પુસ્તક પેશિયન્સમાં દાવો કર્યો છે કે આખી ટીમ આ કાવતરાથી વાકેફ હતી. વર્તમાન કેપ્ટન પેટ કમિન્સે આ દાવાને સંપૂર્ણ બકવાસ ગણાવીને ફગાવી દીધો છે. એન્ટોનેટ લાટુફના પોડકાસ્ટ 'વી યુઝ્ડ ટુ બી...' પર બોલતા, ખ્વાજાએ કહ્યું કે તેણે વોર્નરને આપેલા વચનને પૂર્ણ કરવા માટે આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. મેં વોર્નરને બે મહિના પહેલા સુધી મારા પુસ્તકમાં શું લખ્યું હતું તે કહ્યું ન હતું. ખ્વાજાએ કહ્યું હતું કે આ ખેલાડીઓને આપવામાં આવેલી સજા અતિશય કઠોર હતી. આ ઘટનાને કારણે જાહેરમાં અપમાનનો સામનો કરનારા ત્રણેય ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા નિર્ધારિત સજા કરતાં વધુ સજા ન મળવી જોઈએ. આ પહેલાં ક્યારેય કોઈને આવી સજા મળી નથી.

અનુસંધાન ... પાના પહેલાનું

વાયુ પ્રદૂષણ...

દરમિયાન જાણવા મળ્યું કે 10 શહેરોમાં વાર્ષિક સરેરાશ PM2.5 સ્તર રાષ્ટ્રીય ધોરણથી ઉપર હતું. જયપુર 54 માઈક્રોગ્રામ સાથે બીજા ક્રમે રહ્યું, ત્યારબાદ લખનૌ (52), કોલકાતા (48), પટના (47) અને ભુવનેશ્વરનો (46) સમાવેશ થાય છે. રિપોર્ટમાં જણાવાયું છે કે વાર્ષિક પ્રદૂષણમાં દિવાળીના દિવસોનો હિસ્સો માત્ર 1.2થી 2.5 ટકા જેટલો જ હોય છે, જ્યારે બાકીનું 97થી 99 ટકા પ્રદૂષણ વાહનો, ધૂળ, ઉદ્યોગો, કચરો સળગાવવા અને પરિવહન જેવા કાયમી સ્ત્રોતોથી ફેલાય છે. એન્વાયરોકેટાલિસ્ટ્સના સુનીલ દહિયાએ ભલામણ કરી છે કે રાજધાનીઓએ માત્ર તહેવારો દરમિયાન નહીં, પરંતુ આખું વર્ષ સ્વચ્છ હવા માટે નક્કર પગલાં લેવા જોઈએ.

આંધ્રપ્રદેશ પર ત્રણ...

અને પુડુચેરીમાં પણ ભારે વરસાદ પડી શકે છે. છેલ્લા 24 કલાકમાં તુતીકોરિનમાં સૌથી વધુ 20 મિમી અને નાગરકોઈલ તથા કન્યાકુમારીમાં 10 મિમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે બંને રાજ્યોના માછીમારોને 16થી 21 નવેમ્બર સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના આપી છે.

અમેરિકા જતાં ભારતીય...

વિદ્યાર્થીઓનો સૌથી મોટો સ્ત્રોત બની રહ્યું છે. આ ઘટાડા પાછળ મુખ્ય કારણ અનુસ્નાતક પ્રવેશમાં થયેલો તીવ્ર ઘટાડો હતો, જે 38 ટકા ઘટીને ૧,૧૬,૬૯૯ પર આવી ગયો છે. સ્નાતક(અંડરગ્રેજ્યુએટ) પ્રવેશમાં એક ટકાનો ઘટાડો થઈને તે ૩૯,૭૧૧ થયો છે. જો કે, ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ(OPT)માં ભાગ લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭ ટકા વધીને ૧,૮૨,૨૦૧ થઈ છે.ચીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના બીજા સૌથી મોટા સ્ત્રોત તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે, જો કે તેની સંખ્યામાં ચાર ટકાનો ઘટાડો થઈને તે ૨,૫૪,૪૫૮ થઈ ગઈ છે.

અમેરિકામાં વિદેશોથી...

નોંધણીમાં થયેલા ઘટાડાની અસર આંશિક રીતે સરભર થઈ ગઈ હતી. પરંતુ મહિનાઓની અટકળો બાદ, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS)એ પ્રસ્તાવ મૂક્યો છે કે 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ'(OPT) પ્રોગ્રામમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થી દીઠ શૈક્ષણિક સંસ્થાઓએ ૭૦,૦૦૦ અમેરિકી ડોલરની ફી ચૂકવવી પડશે. સર્વેક્ષણ મુજબ, આ નિયમ હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યો ન હોવા છતાં, ટૂંકમાં OPT તરીકે ઓળખાતા આ પ્રોગ્રામમાં ભાગ લેનારાઓની સંખ્યામાં આ પાનખર સત્રમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. આ પ્રસ્તાવિત નિયમ, જેને કાનૂની પડકારોનો સામનો કરવો પડે તેવી શક્યતા છે, તે DHS ના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ પ્રયાસોમાં હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો કાયદેસરનો દરજ્જો સમાપ્ત થવાની સાથે તેમાંના ઘણાની અટકાયત કરવા અને હકાલપટ્ટી કરવાનો સમાવેશ થાય છે.

કેપિટલ ગેઇન્સ...

બનાવવા તથા લોંગ ટર્મ રોકાણનો સમયગાળો 12 મહિનાથી વધારી 18-24 મહિના કરવા ભલામણ કરી છે. હાલમાં 1.25 લાખ રૂપિયાથી વધુના એલટીસીજી પર 12.5 ટકા અને 12 મહિનામાં વેચાણ પર એસટીસીજી પર 20 ટકા ટેક્સ લાગે છે. વિદેશી રોકાણકારો (એફપી) માટે અલગ ટેક્સ વ્યવસ્થા અને યુએસ ડોલરમાં નફાની ગણતરી કરવા જેવા સૂચનો પણ મળ્યા છે. અગ્રવાલે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે 26.97 લાખ કરોડ રૂપિયાના ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનો લક્ષ્યાંક હાંસલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જે ગત વર્ષના 23.40 લાખ કરોડ રૂપિયા કરતાં 15 ટકા વધુ છે. તેમણે ઉમેર્યું કે સીબીડીટીની પહેલ હેઠળ છેલ્લા બે વર્ષમાં 1 કરોડથી વધુ કરદાતાઓએ અપડેટેડ રિટર્ન ફાઇલ કર્યા છે. આ ઉપરાંત, નાના કરદાતાઓની વિદેશી સંપત્તિ જાહેર કરવાની યોજના (FAST-DS, 2026) હેઠળ પણ નોંધપાત્ર જાહેરાતો થવાની અપેક્ષા છે અને આ અંગે ટૂંક સમયમાં નવા એફએક્યુ બહાર પાડવામાં આવશે.

બિલ્કિસ બાનુ કેસ:...

રમખાણોની ભયાનકતાથી બચવાનો પ્રયાસ કરતી વખતે બિલ્કિસ બાનો ૨૧ વર્ષના હતા અને પાંચ મહિનાના ગર્ભવતી હતા, ત્યારે તેમના પર સામૂહિક દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. માર્યા ગયેલા પરિવારના સાત સભ્યોમાં તેમની ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થતો હતો. આ બંને દોષિતો, મોઢિયા અને જોશી, એ ૧૧ દોષિતોમાં સામેલ છે જેમની સજા માફી સુપ્રીમ કોર્ટે ૨૦૨૪માં રદ કરી હતી. ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, સર્વોચ્ચ અદાલતે આ હાઈ-પ્રોફાઈલ કેસમાં ૧૧ દોષિતોને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી સજા માફી રદ કરી હતી અને એક આરોપી સાથે "મળીભગત" કરવા બદલ અને પોતાના વિવેકાધિકારનો દુરુપયોગ કરવા બદલ રાજ્ય સરકારની આકરી ટીકા કરી હતી.

દિલ્હી ડાયરી...

અદાલતોએ સંબંધોના અંતના દ્રષ્ટિકોણથી જોવાને બદલે સમગ્ર સંબંધને સર્વગ્રાહી રીતે જોવો પડશે." ૬૪ વર્ષીય મહિલા દ્વારા સંતોષ કુમાર વિરુદ્ધ નોંધાયેલા બળાત્કાર અને દ્વિપત્નીત્વના ફોજદારી કેસને રદ કરતી વખતે ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. મહિલાએ ફોજદારી કેસ રદ કરવાનો ઇનકાર કરતાં ટ્રાયલ કોર્ટ અને કેરળ હાઇકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે, મહિલાએ લગ્ન વિધિ કર્યા બાદ ૧૯૯૬થી ૨૦૦૩ સુધી એક પરિણીત પુરુષ (આરોપી) સાથે રહેવાનું પસંદ કર્યું હતું અને શારીરિક સંબંધો માટે સંમતિ આપી હતી.

દિલ્હીમાં યોજાનાર એસસીઓ સંવાદ ફોરમમાં ચીનની સહભાગિતા પર મહોર

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જાહેર કર્યું છે કે, ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન દિલ્હીમાં યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ના પ્રથમ 'સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ' (સીડીએફ)માં ભાગ લેવાની પુષ્ટિ કરનારા ૧૫ દેશોમાં ચીન પણ સામેલ છે. મંત્રીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન સહિત તમામ સભ્ય અને ભાગીદાર દેશોને આમંત્રણ મોકલવામાં આવ્યા છે, પરંતુ ઇસ્લામાબાદે હજી સુધી તેની હાજરીની પુષ્ટિ કરી નથી. ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધો છતાં ચીન અને પાકિસ્તાન આ કાર્યક્રમમાં હાજરી આપશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા શેખાવતે કહ્યું: "પાકિસ્તાનનો સભ્યતાગત અને સાંસ્કૃતિક વિકાસ આપણાથી બહુ અલગ નથી. તેમને આપણાથી અલગ થયાને ૮૦ વર્ષથી પણ ઓછો સમય થયો છે. બાકી તેમનો વિકાસ આપણી સાથે જ થયો છે. આ વિષય પર તેમની અને આપણી વચ્ચે કોઈ મતભેદ હોવાની કોઈ શક્યતા નથી." ગયા વર્ષે ચીનના તિયાનજિનમાં યોજાયેલી એસસીઓ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સીડીએફનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. દિલ્હીના 'પુરાના કિલ્લા' સ્મારક ખાતે યોજનાર આ સંમેલનમાં ભારત ઉપરાંત તમામ નવ સભ્ય દેશો અને ૧૫ ભાગીદાર દેશોના સંસ્કૃતિ મંત્રીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે.

રામલીલા મેદાનમાં રેલી યોજવા માટે દિલ્હી પોલીસના નવા કડક નિયમો

હવેથી સંબંધિત સત્તાવાળાઓની પરવાનગી સાથે દિલ્હીના રામલીલા મેદાનમાં રેલી યોજવી એ આયોજકો માટે મનમાની કરવાનો પરવાનો નહીં બની રહે. દિલ્હી પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ના ડ્રાફ્ટ હેઠળ કેટલીક શરતો સૂચવવામાં આવી છે. આ ડ્રાફ્ટ હેઠળ મેદાનમાં મહત્તમ ૫૦,૦૦૦ લોકોની ક્ષમતા રહેશે તથા વિરોધ પ્રદર્શનો, ધરણાં અને રેલીઓને માત્ર સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી જ મંજૂરી આપવામાં આવશે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રાઉન્ડ અપ

સૂર્યાની ધમાકેદાર ઇનિંગથી મુંબઈએ ગુજરાતને સરળતાથી હરાવ્યું

કોલકાતા : સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની અહીં આજે સોમવારે રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં સૂર્યકુમાર યાદવની 29 બોલમાં 82 રનની તોફાની ઇનિંગને પગલે મુંબઈએ ગુજરાત પર પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો. 22 બોલ